

**વડીલોને વંદન**
**અભિનંદન**



રમણલાલ મોહનલાલ પંચાલ
(૧૯૩૧) ફોનઃ ૨૩૨૩૭૦૫૯



પ્રવિણભાઈ સાકરલાલ મહેતા
(૧૯૪૨) મો. ૯૪૨૬૬૨૮૩૮૧

# અંદાજપત્ર તૈયાર કરવા રજાઓમાં પણ નાણા વિભાગમાં ધમધમાટ

ગાંધીનગર, તા.૯

વિધાનસભાના અંદાજપત્ર સત્ર આડે હવે માત્ર દશ દિવસ જ બાકી રહ્યા છે. ત્યારે રાજયના વર્ષ ૨૦૧૩-૧૪નું અંદાજપત્ર તૈયાર કરવા માટે નાણા વિભાગ મોડી રાત સુધી ધમધમતું થયું છે.

આગામી ૨૦મી ફેબ્રુઆરીના રોજ મળનાર વિધાનસભાની બેઠકમાં રાજયના નાણામંત્રી નીતિનભાઈ પટેલ રાજયનું વર્ષ ૨૦૧૩-૧૪નું અંદાજપત્ર રજુ કરનાર છે. આ અંદાજપત્ર તૈયાર કરવા માટે નાણા વિભાગ રજાના દિવસોમાં પણ કાર્યરત છે.

નાણા વિભાગમાં બજેટ કામગીરી સાથે સંકળાયેલી તમામ શાખાઓ રજાના દિવસે પણ ચાલુ રાખવામાં આવે છે અને વર્ષ ૨૦૧૩-૧૪ માટેના અંદાજપત્રને તૈયાર કરવા માટે મેરેથોન બેઠકોનો દોર ચાલી રહ્યો છે. ૧૮મી સુધીમાં અંદાજપત્રને આખરી ઓપ આપી દેવામાં આવશે અને ૧૯મીની સાંજ સુધીમાં અંદાજપત્ર આખરી કરવામાં આવશે.

રાજયની આવક અને જાવકના અંદાજોને ધ્યાનમાં રાખીને આ વખતે રાજય સરકાર પ્રજા પર કોઈ મોટો આકરો કરબોજ લાદે તેવી શકયતા દેખાતી નથી જો કે કેટલીક સેવાઓના કરમાં રાજય સરકાર રાહત આપશે તો કેટલીક સેવાના કરમાં સામાન્ય વધારો કરે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

નાણા વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયના આયોજન વિભાગ દ્વારા રાજયની વર્ષ ૨૦૧૩-૧૪ માટેની વાર્ષિક યોજનાનું કદ ઘડી કાઢ્યું હતું જેને નાણા વિભાગ દ્વારા આખરી કરીને દરેક વિભાગોને આગામી વર્ષ માટેનું બજેટ પણ નક્કી કરી દીધું હોવાનું જાણવા મળે છે.

અંદાજપત્રને તૈયાર કરવા માટે નાણા વિભાગ રજાના દિવસોમાં પણ ચાલુ રાખવામાં આવે છે અને મોડી રાત સુધી કર્મચારીઓ અને અધિકારીઓ રાજયની આવક અને જાવકના આંકડાઓના તારાઓ મેળવીને અંદાજપત્રને તૈયાર કરી રહ્યા છે. આગામી સપ્તાહના અંત સુધીમાં અંદાજપત્રને આખરી કરવામાં આવશે અને મંત્રી મંડળમાં કરબોજ નાંખવા અંગેનો નિર્ણય લઈને અંદાજપત્રમાં તેનો સમાવેશ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.




# ડીસામાં સોનાની દુકાનમાંથી બે ગઠીયાઓ વેપારી પાસેથી રૂ. ૬.૬૫ લાખ દાગીના સેરવી ગયા

ડીસા, તા. ૯

વેપારીમથક ડીસામાં ઘરફોડ ચોરીના અનેક બનાવો બાદ હવે અજાણ્યા ગઠીયાઓ દ્વારા પણ લાખોની ચીલઝડપ કરવાનો એક બનાવ નોંધાવા પામ્યો છે. જેમાં સોની કામની દુકાન ધરાવતા વેપારીની નજર ચૂકવી બે અજાણ્યા ગઠીયાઓ દુકાનમાં પડેલ સોનાના દાગીનાનું રૂ. ૬.૬૫ લાખનું બોક્ષ ઉઠાવી રફુચક્કર થઈ ગયા હતા. આ મામલે શહેર પોલીસે દુકાનદારની ફરિયાદના આધારે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

આ ચકચારી ઘટનાની વિગતો એવી છે કે ડીસાના જુના બસ સ્ટેન્ડ પાસે સંતોષી માતાના મંદિર નજીક સોની આશારામ પ્રસારામ સોના-ચાંદીની દુકાન ધરાવે છે. તેવોની દુકાને સવારે માતાજીના ચુંક ખરીદવાના બહાને બે અજાણ્યા ઈસમો પહોંચ્યા હતા. જેઓએ ચૂંકની ખરીદી કરતાં દુકાનદાર તેનું વજન કરતા હતા જે તકનો લાભ લઈ બે અજાણ્યા ગઠીયાઓએ દુકાનમાં પડેલ સોનાના દાગીનાનું બોક્ષ દુકાનદારની નજર ચુકવી સેરવી લીધુ હતુ. અને વેપારી આ બાબત સમજે તે પહેલા બન્ને ગઠીયાઓ રફુચક્કર થઈ ગયા હતા. જે બાદ વેપારીએ દુકાનમાં તપાસ કરતા દુકાનમાં મુકેલ સોના ચાંદીના દાગીનાનું બોક્ષ ગાયબ હતું. આ બોક્ષમાં સોનાની બાર વીટીંઓ સોનાના પેંડલ, સોનાની બુટ્ટીઓ અને સોનાની ચૂંક સહીત કુલ ૨૨૦ ગ્રામ સોનું રાખેલ હતું.




અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ દ્વારા કડી વિશ્વ વિદ્યાલયનાં સંયુક્ત ઉપક્રમે સભા સંચાલન - એક કળા વિષય પર શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીની ૧૨ જેટલી સંસ્થાના ૯૪ જેટલા વિદ્યાર્થીઓએ આ શિબિરમાં ભાગ લીધો હતો. ગુજરાતનાં જાણીતા સભા સંચાલક શ્રી તેજસભાઈ મજમુદાર અને સુપ્રસિદ્ધ કવિ ને પ્રાધ્યાપક શ્રી હરદ્વાર ગોસ્વામીએ વિદ્યાર્થીઓને સભા સંચાલન અંગેની વિષદ છણાવટ કરી હતી. જુદા જુદા પ્રકારની ઇવેન્ટનાં સંચાલન અંગેના નિયમો અને સભા સંચાલન ક્ષેત્રે કારકીર્દીના વિવિધ દ્વાર અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

# એમસીએક્સ-એસએક્સ ભારતના નવા સ્ટોક એક્ષચેન્જને ખુલ્લુ મુકતા નાણામંત્રી પી. ચિદમ્બરમ

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ, તા. ૯

એમસી એક્સ-એસએક્સ સ્ટોક એક્સચેન્જના ઈક્વિટી અને ઈક્વિટી ઈરવેટિઝ સેગમેન્ટનું ઉદ્‌ઘાટન આજે મુંબઈ ખાતે યોજાયેલા એક સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત કેન્દ્રીય નાણાપ્રધાન પી. ચિદમ્બરમના હસ્તે પરંપરાગત મીલરના ઘંટનાદ સાથે પ્રથમ પ્રતીક રૂપ સોદો પાર પાડીને કરાયું હતું. આ પ્રસંગે સેબીના ચેરમેન યુ.કે. સિંહા અને ભારતના નાણામંત્રાલય હેઠળના અધિક બાબતોના સચિવ ડૉ. અરવિંદ માયારામ પણ ઉપસ્થિત રહ્યા હતા.

મહારાષ્ટ્ર સરહદના ઉચ્ચ અધિકારીઓ, વિવિધ ઔદ્યોગિક ક્ષેત્રોના નિયામકો, નાણાક્ષેત્રના મહાનુભાવો સહિત મીડીયા ઔદ્યોગિક પળના શાક્ષી બન્યા હતા. ૧૧ ફેબ્રુઆરી-૨૦૧૩ થી ભારતનુ નવુ સ્ટોક એક્સચેન્જ નવા સેગમેન્ટમાં ટ્રેડિંગ માટે ખુલ્લુ મુકવાની જાહેરાત થઈ હતી.

નાણાપ્રધાન પી. ચિદમ્બરમે ફ્લેગશીપ ઈન્ડેક્સ એસ.એક્સ ૪૦નો પ્રારંભ કર્યો હતો. એસએક્સ.-૪૦ અર્થવેશના વિવિધ ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરતો ૪૦ લાર્જ કેપ અને લિકવીડ સ્ટોકનો બનેલો ફ્રી પ્લોટ આધારિત ઈન્ડેક્ષ છે. એમ.એક્સ-૪૦ વિવિધ ઉદ્યોગો અને ક્ષેત્રોનું શ્રેષ્ઠ પ્રતિનિધિત્વ કરવા સાથે આર્થિક કામગીરીની મુલવણી થઈ શકે તે રીતે તૈયાર કરાયો છે. એસએક્સ-૪૦ની બેઝ વેલ્યુ ૧૦,૦૦૦ અને પાયાની તારીખ ૩૧ માર્ચ ૨૦૧૦ રહે છે.

આ પ્રસંગે એમચીએક્સ એસએક્સના વાઈસ ચેરમેન જિજ્ઞેશ શાહે જણાવ્યું હતું કે ભારતીય મુડી બજારના વિકાસમાં યોગદાનની તક આપવા બદલ હું સરકાર અને નિયામકનો આભારી છું.

# વિકાસયાત્રાને વેગવાન બનાવવા નગરપાલિકાની ચૂંટણીમાં કમળ નિશાનને વિજયી બનાવવા અપીલ

અમદાવાદ, તા.૯

ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી આર.સી. ફળદુ તેમજ પ્રદેશ પ્રવકતા અને ઉપાધ્યક્ષ શ્રી આઈ.કે. જાડેજાએ ૧૦ ફેબ્રુઆરીને રવિવારના રોજ યોજાનારી નગરપાલિકાઓની ચૂંટણીમાં ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અવિરત ચાલી રહેલી સર્વાંગિણ અને સર્વસમાવેશક વિકાસની યાત્રાને વધુ વેગવાન બનાવવા કમળના નિશાનને વિજયી બનાવવા નગરપાલિકાવાસી વિકાસપ્રેમી મતદારોને અનુરોધ કર્યો છે.

તેઓએ ગુજરાત રાજયમાં ભાજપાની સરકાર સતત ત્રીજીવાર બનાવામાં નગરપાલિકાવાસીઓએ દાખવેલી હકારાત્મક વિકાસલક્ષી સૂઝને બિરદાવતા જણાવ્યું હતું કે, નગરપાલિકાને વિકાસના વધુ લાભ મળે તે ભાજપાનો સંકલ્પ અને પ્રતિબદ્ધતા છે. 'વેરાનું વળતર, વિકાસ દ્વારા' ભાજપાની કાર્યપધ્ધતિ છે. આ કાર્યપધ્ધતિનો નગરપાલિકાવાસીઓ મતદાનના દિવસે હકારાત્મક પ્રતિસાદ આપી વિકાસવિરોધી નકારાત્મક માનસિકતાને પરાસ્ત કરે તેવો પણ અનુરોધ કર્યો છે.

ગુજરાતમાં હળવદ, કુતિયાણા અને ચાણસ્મા નગરપાલિકાના નગરપાલિકા-વાસીઓએ ચૂંટણી પૂર્વે ભાજપાને સત્તાનો માર્ગ પ્રશિસ્ત કરી વિજયની પરંપરા જાળવી રાખી છે. નગરપાલિકાની ૮૨ બેઠકો અને જુનાગઢ મહાનગરપાલિકાની ૨ બેઠકો પર ભાજપાને બિનહરિફ વિજય અપાવ્યો છે. આ પરંપરા ૧૦ ફેબ્રુઆરીના રોજ નગરપાલિકા-વાસીઓ નિભાવશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો છે. નગરપાલિકાના જુદા જુદા વોર્ડની પેનલોમાં ઉભા રહેલા ભાજપાના ત્રણ ઉમેદવારોના નામ અને કમળના નિશાન સામેના બટનને દબાવી પીળું બટન દબાવી 'વિકાસના પ્રતિક ભાજપ'ને મત રજીસ્ટર્ડ કરવા હાર્દિક અપીલ કરી છે.

## મહેસાણા જિલ્લામાં મતદારયાદી સુધારણા કાર્યક્રમ

મહેસાણા, તા.૯

ભારતના ચૂંટણી પંચ ન્યુ દિલ્હીની સુચના મુજબ તારીખ ૧-૧-૨૦૧૩ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ ૧૧ ફેબ્રુઆરી ૨૦૧૩થી ૨૬ ફેબ્રુઆરી દરમિયાન નામ દાખલ કરવા, નામમાં સુધારો કરાવવા, રહેઠાણનું સ્થળ બદલવા, નામ કમી કરાવવાની કાર્યવાહી માટે જે તે તાલુકા મામલતદારની કચેરીએથી આ અંગેના નિયત ફોર્મમાં આધારો સાથે મતદારોએ અરજી કરવા જણાવાયુંછે.

આ ઉપરાંત ૧૭ ફેબ્રુઆરી અને ૨૪ ફેબ્રુઆરી રવિવારના રોજ ખાસ ઝુંબેશના દિવસોએ ડેઝીગ્નેટેડ લોકેશન પર સવારે ૯ કલાકથી સાંજના ૬ કલાક સુધી હાજર રહેશે.

# લીંબડી હાઈવે પર ત્રિપલ અકસ્માતમાં ત્રણનાં મોત

લીંબડી, તા. ૯

તાજેતરમાં માર્ગ સલામતી સપ્તાહની પૂર્ણાહૂતિ થયા બાદ પણ માર્ગ અકસ્માતોની વણઝાર ચાલુ છે. લીંબડી હાઈવે પર આવેલા ટોકરાળા ગામના પાટિયા પાસે થયેલા ત્રિપલ અકસ્માતમાં બે વ્યક્તિના મોત થયા હતા. અને દસ વ્યક્તિઓને ઈજા થઈ હતી. બીજા બનાવમાં કચ્છના ભચાઉ પાસે થયેલા અકસ્માતમાં ચાર વ્યક્તિનું મોત થયાનાં અને છ વ્યક્તિઓને ઈજા થયેલી હતી. આ અકસ્માતથી ભચાઉ હાઈવે પર ટ્રાફિક જામ થઈ ગયો હતો. પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઘટનાની વિગત એવી છે કે લીમડી નેશનલ હાઈવે પર ટોકરાળા ગામના પાટિયા પાસેથી રાજકોટથી અમદાવાદ તરફ આવી રહેલી કુઝર જીપના ચાલકે અચાનક બ્રેક મારતા પાછળ આવી રહેલી અલ્ટો કાર અને ફિગો કાર ધડાકાભેર ઘૂસી જતાં આ અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણેય વાહનોના ભુક્કા બોલી ગયા હતા. આ અકસ્માતમાં ગંભીર ઈજાઓ થવાના કારણે એકનું ઘટના સ્થળે અને એકનું સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. બનાવની જાણ થતાં પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી જઈ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. આ ઉપરાંત કચ્છના ભચાઉ સામખિયાળી હાઈવે પર મોટી ચિરઈ ગામના પાટિયા પાસેથી પસાર થઈ રહેલી એક મુસાફર ભરેલી જીપને ટ્રક અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. ભચાઉના મોટા લુણવા ગામનો કોળિ પરિવાર લૌકિક ક્રિયા ગામે મોટી ચિરાઈ ગામ ખાતે જઈ રહ્યો હતો. ત્યારે આ ઘટના બની હતી. આ અકસ્માતમાં જીપમાં બેઠેલ ૧૩ પૈકીના ત્રણ મુસાફરોના મોત થયા હતા. જ્યારે ટ્રકમાં બેઠેલ એક વ્યક્તિનું મોત થયું હતું. આ ઉપરાંત પાંચથી છ વ્યક્તિઓને ઈજા પહોંચી હતી. પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## મતદાન

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

મુકાઈ ગયેલ છે. આ પેટા-ચૂંટણી કોંગ્રેસ પક્ષ માટે પ્રતિષ્ઠાનો જંગ બની છે. કોંગ્રેસે આ બેઠક સામાન્ય ચૂંટણીમાં બિનહરિફ જીતી હતી જયારે આ વખતે સામાન્ય ચૂંટણીઓ સાથે તેની પેટા-ચૂંટણી યોજાઈ રહી છે.


માણસા નગરપાલિકાની ૨૭ બેઠકોની સામાન્ય ચૂંટણી માટે ૬૩ ઉમેદવારો મેદાનમાં છે. આ માટે ૩૧ બુથ ઉભા કરવામાં આવ્યા છે.

માણસા નગરપાલિકાની આ સામાન્ય ચૂંટણી માટે એસ.આર.પી. તેમજ સ્થાનિક પોલીસનો સઘન બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

આ ચૂંટણીમાં વિજય મેળવા માટે ભાજપ-કોંગ્રેસ બન્ને પક્ષના કાર્યકરોએ એડીચોટીનું જોર લગાવ્યું છે. માણસા વિધાનસભાની પેટા-ચૂંટણી અને સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારના ભવ્યવિજય પછી યોજાઈ રહેલી આ ચૂંટણીએ ભારે રાજકીય ઉત્તેજનાઓ જગાવી છે. બન્ને પક્ષોએ વિજય માટેનો વિશ્વાસ વ્યક્ત કરી તેમનો વિજય થશે તેવા દાવા કર્યા છે.

આ ચૂંટણીની મતગણતરી ૧૨મીએ સવારે હાથ ધરવામાં આવશે.

## શબ્દાવલી - ૪૯૭૪



**આડી ચાવી**

૧. દાનત, એક હિન્દી ફિલ્મ (૩)
૩. ભવિષ્યનો જાણકાર પાંડવ (૪)
૬. સોગન, કસમ (૨)
૭. આંટી, ગુંચ (૨)
૮. શ્રમ (૪)
૧૦. ...ની વઢીયારી સાસુ દોહ્યલી રે... દાદા હો દીકરી... (૩)
૧૧. મરે નહિ તેવું (૩)
૧૩. સંતાડેલું, છુપું (૨)
૧૪. જગત, લોક (૨)
૧૬. ...માં આવી જવું, જુસ્સો (૨)
૧૮. મિત્રતા (૨)
૨૧. ઘાંયજો (૨)
૨૨. આકાશ, નભ (૩)

**ઊભી ચાવી**

૧. સીડી, પગથિયા (૪)
૨. જમ (૨)
૩. સરખુ (૩)
૪. દૈવી મનુષ્ય (૨)
૫. ભૂતપલીત વળગ્યુ હોય તો તેને... કહે છે (૪)
૮. નહિ સારૂં કે નહિ ખરાબ (૩)
(૯) આફત, કમબખ્તી (૩)
૧૧. ચેલા, અનુસરનારા (૪)
૧૨. ...નું ગજ કરવું (કહેવત) (૨)
૧૫. આશ્ચર્યકારક (૩)
૧૬. તારાથીઓ..., કંટાળ્યા (૨)
૧૭. વજનનું એક માપ (૩)
૨૦. ...જમીનને જોરૂ ત્રણેય કજિયાના છોરૂ (૨)

**શબ્દાવલી ૪૯૭૩ના જવાબ**

**આડી ચાવી :-** (૧) સોમરસ (૩) કાફર (૬) મત (૮) સમ (૧૦) ગફલત (૧૧) છબી (૧૨) ગોઠ (૧૩) ખેદાનમેદાન (૧૬) રજા (૧૭) પગ (૧૯) જુબા (૨૦) (૨૧) ગનીતમ

**ઊભી ચાવી :-** (૧) સોમ (૨) મતલબી (૪) ફસલ (૫) રમત (૭) સંગઠન (૧૧) છપ્પરપગુ (૧૨) ગોદામ (૧૩) ખેર (૧૪) મેરબાની (૧૫) નરાધમ (૧૮) ગમા (૧૯) જુગ

## કંપની સમાચાર

### સાઈ સિલ્કસ (કલામંદિર) આઈપીઓ રિટેઈલરોને સુરક્ષા જાળું ઓફર કરે છે

**ઈશ્યુ ૧૧ ફેબ્રુ.૨૦૧૩ના ખૂલશે અને ૧૩ ફેબ્રુ. ૨૦૧૩ના બંધ થશે**

વુમન્સ, કિડ્‌સ અને મેન્સ વેરની રિટેઈલર સાઈ સિલ્કસ (કલામંદિર) લિમિટેડ રૂ. ૮૯ કરોડ ઊભાં કરવા માટે ઈનિશિયલ પબ્લિક ઑફર (આઈપીઓ) લઈને આવી રહી છે. કંપની બુક બિલ્ડીંગ પ્રક્રિયાનું પાલન કરી રહી છે અને પ્રાઈસ બેન્ડ શેર દીઠ રૂા. ૭૦-૭૫ ની શ્રેણીમાં નિશ્ચિત કરાઈ છે. ઈશ્યુ સોમવાર ૧૧ ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ સબ્સિક્રપ્શન માટે ખૂલીને બુધવાર ૧૩ ફેબ્રુઆરી, ૨૦૧૩નાં બંધ થશે. ઈશ્યુમાંથી કુલ પ્રાપ્તિમાંથી રૂા. ૧૨.૭૩ કરોડ રિટેઈલર આઉટલેટ્‌સ સ્થાપવા માટે ઉપયોગ કરાશે, રૂા. ૦.૯૧ કરોડ મુદ્દત લોનની પૂર્વચુકવણીમાં ઉપયોગ કરાશે, જયારે રૂા. ૮.૫૦ કરોડ બ્રાન્ડ પ્રમોશન અને રૂા. ૫૯.૯૯ કરોડ કંપનીની લાંબા ગાળાની કાર્યવાહ મૂડ આવશ્યકતાઓને પહોંચી વળવા માટે ઉપયોગી કરાશે.

સુરક્ષા જાળુ યોજના : કંપનીનું પ્રમોટર્સ/પ્રમોટર ગ્રુપ નિવાસી રિટેઈલ વ્યક્તિગત એલોટીઓને સુરક્ષા જાળુ યોજવા આપશે. આ યોજના હેઠલ જો ઈક્વીટી શેરોનું બજાર મૂલ્ય યોજવાનો સમયગાળો, એટલે કે આવા એલોટીને ડિમેટ અકાઉન્ટમાં ઈક્વિટી શેરો જમા કર્યાની તારીખથી ૬ માસમાં ઈશ્યુનો ભાવ કોઈ પણ સમયે નીચે આવે તો પ્રદાતાઓ આવા એલોટી દીઠ મહત્તમ ૧૦૦૦ ઈક્વીટી શેર સુધી ઈશ્યુ ભાવે કંપનીના ફક્ત મૂળ ફાળાવેલા ઈક્વીટી શેરો જ ખરીદી કરશે. કંપનીનાં પ્રમોટર ગ્રુપમાં ચલાવાડી નાગા કણક દુર્ગા પ્રસાદ અને શ્રીમતી ચલાવાડી ઝાંસી રાણી અને તેમનાં તાત્કાલિક સંબંધીઓનો સમાવેશ થાય છે. સાઈ સિલ્કસ (કલામંદિર)નો મુખ્ય વેપાર સાડીઓ, મહિલાઓનાં ડ્રેસ મટિરીયલ્સ, પુરૂષો અને બાળકોનાં વસ્ત્રો, સોના-ચાંદીની જવેલરીનું વેચાણનો છે.

### ઓનિડા રજૂ કરે છે સ્માર્ટ ઈન્વર્ટર એ.સી.ની વિશાળ રેન્જ કે જે બલદી નાખશે ઈન્ડસ્ટ્રીના વાતાવરણને

છેલ્લા ૩૨ વર્ષથી ભારતની વિશ્વાસપાત્ર અને ગ્રાહકોની લોકપ્રિય તથા ગુણવત્તાસભર બ્રાન્ડ ઓનિડા ૨૦૧૩ના આ વર્ષમાં ઉનાળાની શરૂઆત પહેલા દેશવાસીઓ માટે સ્માર્ટ ઈન્વર્ટર એસીની વિશાળ રેન્જ લઈને આવી છે. જે દ્વારા કંપની ભારતનાં સ્પર્ધાત્મક અને પડકારજનક બજારમાં પોતાની લોકપ્રિયતા અને માર્કેટનો મોટો એવો હિસ્સો વધારશે. આ નવી રેન્જની તાજેતરમાં ચેન્નાઈ ખાતે ભવ્ય રજૂઆત કરવામાં આવી હતી. જેનું લોન્ચિંગ ઓનિડા અને ઈગો બ્રાન્ડનું સંચાલન કરતી મેસર્સ મિર્ક ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડના માર્કેટિંગ વાઈસ પ્રેસિડેન્ટ વિપુર માથુર દ્વારા આવ્યું હતું. ચેન્નાઈ ખાતે થયેલી આ સ્માર્ટ ઈન્વર્ટર એર કન્ડિશનર્સની નવી વિશાળ રેન્જ પ્રસંગે વિપુલ માથુરે જણાવ્યું હતું કે ઓનિડાની આ નવી સ્માર્ટ ઈન્વર્ટર એર કન્ડિશનર્સની વર્લ્ડ કલાસ લાઈફ સ્ટાઈલ રેન્જ આ ક્ષેત્રની ઈન્ડસ્ટ્રીનું વાતાવરણ જ બદલી નાખશે અને સ્ટાઈલ તથા કાર્યક્ષમતાના નવા જ માપદંડો રજૂ કરશે. ઓનિડા બ્રાન્ડ હંમેશાંથી ઈન્ડસ્ટ્રીનો ટ્રેન્ડ બદલવા માટે અને પરિવર્તન લાવવા તથા નવી ઈનોવેટિવ પ્રોડક્ટ્‌સને વિકસાવવા માટે જાણીતી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોથી ઓનિડા સૌથી ઝડપથી વધતી એક કંડિશનર બ્રાન્ડ છે અને ઈનોવેટિવ પ્રોડ્‌કટ્‌સ જેવી કે પ્રીકૂલ એ.સી. (મોબાઈલ એસએમએસ આધારીત કાર્યરત), સ્પીડ કૂલ (ઈન્સ્ટન્ટ કૂલિંગ), મલ્ટી ફલો (૪વે સરાઉન્ડિંગ કૂલિંગ) અને ટવીન્સ કૂલ (૨ રૂમ માટે ૧ જ એસી)ને માર્કેટમાં રજૂ કરી ચૂકી છે.

# ગુજરાત યુનિ.નો પદવીદાન સમારોહ તા. ૫મી માર્ચે યોજાશે

અમદાવાદ,તા. ૯

ગુજરાત યુનિ. દ્વારા આગામી ૫મી માર્ચે કોન્વોકેશન (પદવીદાન સમારંભ) યોજવામાં આવશે. સામાન્ય રીતે કોન્વોકેશનનો કાર્યક્રમ ઓકટોબર નવેમ્બર માસમાં યોજવામાં આવતો હોય છે. પરંતુ આ વર્ષે પૂર્વ કુલપતિ નિવૃત્ત થતા અને સિન્ડીકેટ તથા વિધાનસભાની ચૂંટણીઓ આવતા ચાર મહિનાના વિલંબ બાદ આગામી ૫મી માર્ચે આ કાર્યક્રમ યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેમાં શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં અંદાજે ૬૦,૦૦૦ વિદ્યાર્થીઓને ડિગ્રી તથા વિશિષ્ટ સિદ્ધિ માટે મેડલ આપવામાં આવશે.

આર્ટસ, કોમર્સ, સાયન્સ વગેરે કોલેજોમાં અભ્યાસ કરતા હજારો વિદ્યાર્થીઓના ડિગ્રી વિતરણનો કાર્યકાળ દર વર્ષે ગુજરાત યુનિ. દ્વારા યોજવામાં આવતો હોય છે.

સામાન્ય રીતે આ પદવીદાન ઓકટોબર નવેમ્બર માસમાં યોજવામાં આવે છે. પરંતુ આ વર્ષે ચાર માસના વિલંબ બાદ એટલે કે ૫મી માર્ચે યોજવાનું આયોજન કરવામાં આવ્યુંછે. સામાન્ય રીતે આ કાર્યક્રમમાં દેશના જાણીતા વૈજ્ઞાનિકો તથા પ્રસિદ્ધ વ્યક્તિને મુખ્ય અતિથિ તરીકે નિમંત્રીને તેના હસ્તે પદવી તથા મેડલોનું વિતરણ કરવામાં આવે છે. આ વર્ષે નવા આવેલા કુલપતિ આદેશપાલે દેશની પ્રસિદ્ધ વ્યક્તિને ન બોલાવતા રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિના રૂપમાં બોલાયા છે. રાજયપાલની ઉપસ્થિતિમાં શિક્ષણમંત્રી આ પદવીદાન સમારંભમાં અંદાજે ૬૦,૦૦૦ વિદ્યાર્થીઓને ડિગ્રી આપવામાં આવશે.

## સંસ્કારના સિંચનથી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

૨૦૧૩ બે દિવસીય કાર્યક્રમનો પ્રારંભ આ જ શક્તિ માટે આજથી ગાંધીનગર ટાઉનહોલ ખાતે શરૂ કરવામાં આવ્યો છે. સતત પ્રયત્નશીલ અને કાર્યશીલ રહેતી શહેર તથા આસપાસના વિસ્તારની મહિલાઓ પૈકી ૧ હજારથી વધુ મહિલાઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વર્ષાબેન પારેખ અને આશાબેન સરવૈયાએ કર્યું હતું. ખુબ જ ઉમદા આશયથી શરૂ કરવામાં આવેલા 'શક્તિ-૨૦૧૩' કાર્યક્રમમાં બાળ અને મહિલા કલ્યાણ વિભાગના સચિવ અંજુબેન શર્મા, આશિષભાઈ દેસાઈ, કમલકિશોર જૈન, ઊર્મિલભાઈ, રોટરીક્લબ ઓફ ગાંધીનગરના પ્રમુખ સમીરભાઈ ત્રિવેદી, ડૉ. ગુંજનભાઈ, ડૉ. જયશ્રીબેન, ડૉ. કલાબેન તથા પ્રકાશભાઈ વાઘેલા સહિતના તજજ્ઞોએ આ વિષય સંબંધીત પોતાના વ્યાખ્યાન રજુ કર્યા હતા. આ કાર્યક્રમમાં અંજુબેન શર્માએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે ગુજરાત રાજ્યની મહિલાઓ ખુબ જ સ્ટ્રોંગ છે તેના દાખલા અન્ય રાજ્યોમાં અપાય છે. તેની હું સાક્ષી છું. સ્ત્રીભૃણ હત્યાને રોકવા માટે સ્ત્રી જ અસરકારક માધ્યમ છે. પત્નિ કે માતા અથવા સાસુનાં પાત્ર તરીકે પોતે જ જો ગર્ભપરિક્ષણ કરાવ્યા વિના જે ચાઈલ્ડ જન્મે તેને સ્વિકારવાનો નિમ મહિલા લઈ લે તો આ પ્રશ્નનો હલ આવતા વધુ વાર ન લાગે. પોતાની જાતને રીસ્પેક્ટ પોતાની જાતે જ આપવું પડશે તેમ માનીને મહિલાએ ગર્ભ પરિક્ષણ અને અર્બોર્શનનો સીલસીલો બંધ કરી જે ડાળી પર બેઠા તે જ ડાળીને કાપવાની વૃત્તિ બંધ કરવી જરૂરી છે. તો જ અન્ય આપણને રીસ્પેક્ટ આપશે. તેમ અંજુબેન શર્માએ જણાવી આર્થિક સગવડતાનો અભાવ મહિલાની શક્તિને ઓગાળતી હોવાનું કહ્યું હતું. જેથી દિકરીઓને અભ્યાસુ બનાવવાનો અભિગમ કેળવીને આર્થિક ઉપાર્જન કરી શકે અને પગભર રહી શકે તેવી રીતે દિકરીને ઉછેરવા અને સ્કીલ ડેવલપ કરવા માતા-પિતાને કહ્યું હતું. તે ઉપરાંત વિવિધ વક્તાઓએ આ કાર્યક્રમમાં પોતાનું વકતવ્ય આપી નારી શસક્તિકરણ સંદર્ભના 'શક્તિ-૨૦૧૩' કાર્યક્રમના પ્રથમ દિવસને સફળ બનાવ્યો હતો.

**ટચૂકડી જાહેર ખબર**

**(બેબી રાખવા) બહેન જોઈએ છે**

સવારે ૮ થી સાંજે ૬ વાગ્યા સુધી બેબી રાખવા માટે સેક્ટર-૮માં બેન જોઈએ છે.

**સંપર્ક :**
**મો. ૯૯૭૮૯૦૭૪૪૫**
**ફોન : ૨૩૨૩૪૫૦૮**